## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ દ્વારા ધંધુકા તાલુકામાં પ્રાકૃતિક ખેતી અને તેનું મૂલ્યવર્ધન વિષય પર ખેડૂતોને તાલીમ આપવામાં આવી.

તા. ૧૩/૦૨/૨૦૨૬ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ દ્વારા ધંધુકા તાલુકાના ગલશાણા ગામ ખાતે પ્રાકૃતિક ખેતી અને  તેનું મુલ્યવર્ધન  વિષય પર ખેડૂતો ભાઈઓ અને બહેનોની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમમાં કચેરીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. વિરેન્દ્ર પરમાર દ્વારા પ્રાકૃતિક ખેતીમાં મૂલ્યવર્ધનનું મહત્વ, પ્રાકૃતિક ખેતીમાં સોશ્યલ મીડિયા થી માર્કેટિંગ અને ઔશધીય પાકો વિષે વિસ્તૃત માહિતી આપી. સદર કાર્યક્રમમાં ૧૫૦ ખેડૂત ભાઈ બહેનોએ હર્ષભેર ભાગ લીધો હતો. તાલીમ બાદ કેન્દ્ર ખાતેથી નિદર્શનમાં આપવામાં આવેલ અશ્વગંધાની ગુજરાત આણંદ અશ્વગંધા ૨ અને ઘઉંની GW-૫૧૩ પાકની મુલાકાત પણ લીઘેલ હતી. વધુમાં પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતોની પણ મુલાકાત લીધી હતી. જસકા ગામના પ્રગતિશીલ ખેડુત શ્રી રામદેવસિંહ ચાવડા દ્વારા ઘઉં ની GW-૫૧૩ જાતની વચ્ચે આંતરપાક તરીકે ગુજરાત આણંદ અશ્વગંધા ૨ નું વાવેતર કરી ખેડુતો માટે વધારાની આવક ઉભી કરવાનું અખાતરો કર્યો છે જેની પણ મુલાકાત લેવામાં આવી હતી.
















Training Title:-
KRISHI VIGYAN KENDRA
ANAND AGRICULTURAL UNIVERSITY